પાલનપુર શહેરમાં દબાણનો સફાયો

મુખ્યમંત્રીના સ્વાગત ઓનલાઈનમાં ફરિયાદ કરનારનું દબાણ પણ તોડાયું

પાલનપુર, તા.૬

આજે શહેરના જુદા જુદા વિસ્તારોમાં લોકો દ્વારા આડેધડ કરાયેલા દબાણો અંગે મુખયમંત્રી સમક્ષ થયેલ ફરિયાદો સંદર્ભે નગરપાલિકાની

ટીમ-વહીવટી તંત્ર પોલીસ કાફલા સાથે ૨૫-૩૦ દબાણો દુર કરાતા ભારે આક્રોશ દબાણદારોમાં ફેલાયો હતો.

આજે સવારના સમયથી શહેરના નગરપાલિકાની દબાણ શાખાની ટીમના મુખ્ય અધિકારી ચુ.ડી. સિન્ધા સાથે આર.કે. સેંગલ દ્વારા જેસીબી મશીન, ટ્રેકટરો, મજુરો સાથે વહીવટી તંત્રના સુજીતકુમાર, શ્રુતિ મહેતા, મામલતદાર હિમાંશુ પરીખ, સી.ટી. સર્વે કંથારિયા સાથે હનુમાન મંદિર સામેના

વિસ્તારમાં દબાણો દુર કરવા તંત્રની ટીમ રવાના થયેલ ત્યારે આ વિસ્તારમાં પાકા દબાણો હતા આખે આખો રસ્તો દબાણમાં ગરકાવ થઈ ગયેલ,

આ વિસ્તારના ગરીબ મધ્યમવર્ગના લોકોના કાચા પાકા મકાનોના દબાણો દૂર કરતા વહીવટી તંત્ર દબાણદારો વચ્ચે ભારે આક્રોશ સાથે ઉગ્ર અફરા તફરી સર્જાતા મામલો એક તબક્કે ભારે તંગ બની ગયો હતો. દબાણો દુર કરવાની ત્રણ દિવસ સુધી સતત ચાલનારી આ દબાણ ઝુંબેશ અંતર્ગત શહેરના જુદા જુદા વિસ્તારોમાં અંદાજે ૧૦૦થી વધુ દબાણો દુર કરવા માટે તંત્ર સજ્જ બન્યું છે. આજ રોજ કંથેરિયા હનુમાન મંદિર નજીક કાળીદાસ મકવાણાએ દબાણો અંગે મુખ્યમંત્રી ઓનલાઈનમાં ફરિયાદ કરેલ જેમાં કાર્યવાહી હાથ ધરાતાં ખુદ ફરિયાદીનું મકાન પણ નકશા મુજબ દબાણમાં આવતું હોવાથી તે દબાણ પણ તોડી પડાયું હતું. ત્યારબાદ અન્ય નાના-મોટા ગટર લાઈન પરના દબાણો દુર કરી આ કાફલો સોનબાગ વિસ્તાર તરફ રવાના થયો હતો.

ખેડબ્રહ્માના સરદાર ચોકથી લક્ષ્મીપુરા સુધીનો માર્ગ દબાણકારોના બાનમાં

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા શહેરના સરદાર ચોકથી માણેક ચોક શાકમાર્કેટ અને લક્ષ્મીપુરા ચાર રસ્તા પર પાથરણાવાળા લારીગલ્લાવાળાના અતિક્રમણને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા નગરજનો માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ છે. ત્યારે ટ્રાફિક પોલીસની હાજરી માત્ર નામ પુરતી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.

ખેડબ્રહ્મા શહેરના હાર્દસમા સરદાર ચોક, માણેક ચોક, લક્ષ્મીપુરા ચાર રસ્તા અને મુખ્ય બસસ્ટેન્ડની નજીક અનેક વિસ્તારોમાં ઠેર-ઠેર લારીવાળા, લોડીંગ રીક્ષાવાળા, પાથરણાવાળા દ્વારા અતિક્રમણ થવાથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. આ અંગે કેટલાક નાગરિકોને માણેક ચોકથી સરદાર ચોક જવાના મુખ્ય માર્ગ પર બપોરે તેમજ સાંજના સમયે ખુબ જ તકલીફ પડે છે. આડેધડ પાર્કીંગના કારણે તેમજ ટેમ્પાચાલકો દ્વારા પાર્કીંગ કરી દેવાતા વાહન ચાલકો અને રાહદારીઓને મુશ્કેલી વેઠવી પડે છે. આથી નાગરિકોએ આ મામલે તંત્ર સમક્ષ રોષ વ્યક્ત કર્યો હતો અને આ સમસ્યા દૂર કરવા માંગણી કરી છે.

તલોદના ગંભીરપુરા ગામે માતાજી અને ગોગા મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

૯૩ જેટલા ભુવાજી આવશે : હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટિ થશે

તલોદ, તા. ૬

સોહામણા સંસ્કાર અને સમૃદ્ધસભર ગંભીરપુરા ગામે અણમોલ અવસર એવો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ગામ લોકોના સહકારથી સંપ, શાંતિ અને સુખમયભેર, ધાર્મિક ભાવનાથી રંગેચંગે ઉજવવામાં આવનાર છે. તલોદ નજીક આવેલા ગંભીરપુરા ગામની પાવન ધરતી પર કલ્યાણકારી રેવચીમાતાજી, સધી માતાજી, વિહત માતાજી, મેલડી માતાજી તેમજ ગોગા મહારાજની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું આયોજન તા. ૧૩, ૧૪ અને ૧૫-૩ સુધી સમસ્ત ગ્રામજનોના સંપ અને સહકારથી કરવામાં આવ્યું છે.

આ પવિત્ર પ્રસંગે તા. ૧૩-૩-૧૩ ને બુધવારના દિવસે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત, પૂજા આરંભ, મંડપ પ્રવેશ, શોભાયાત્રા, હોમકાર્ય, સાયંપૂજા, સાયં આરતી તેમજ રાત્રે ૯ વાગે રાસ ગરબાની રમઝટ જામશે.

જ્યારે તા. ૧૪-૩-૧૩ને ગુરૂવારના દિવસે પ્રાતઃ પૂજા-માતાજીની પ્રાણપ્રતિષ્ઠા, માતાજીની આરતી, આભારવિધિ, રાત્રે ૯ વાગે માતાજીનું દેરાહરૂ (રમણ) અને પૂર્ણાહૂતિ થશે.

તા. ૧૫-૩-૧૩ને શુક્રવારે પિયાલા અને ફૂલેરૂનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પવિત્ર અને પાવન પ્રસંગે આમંત્રિત સંતો-મહંતો એવા બળદેવગીરીજી, સુરજગીરીજી મહારાજ (વાળીનાથ તડબ), ગણેશદાસજી, જાનકીદાસજી મહારાજ (ઝાક), વનરાવદાસ હરિભજનદાસ (સાબજીના મુવાડા) તેમજ ઉદેપૂર-રાજસ્થાનથી મહંત વિરમજી મહારાજ પધારનાર છે.

આ અવસરે લગભગ ૯૩ ભુવાજીઓ ઉપસ્થિત સારાયે ગુજરાતભરમાંથી રહેનાર છે.

મહાયજ્ઞના આચાર્ય તરીકે ગોરાના શાસ્ત્રી મહેશભાઈ ત્રિવેદી, તેમજ હરસોલના શાસ્ત્રી આશિષભાઈ દવે હાજર રહી સંપૂર્ણ વિધિ કરવાના છે.

દાતાઓમાં હેલીકોપ્ટરથી માતાજીના મંદિર પર પુષ્પ વૃષ્ટિ દેસાઈ વિહાભાઈ અમૃતભાઈ વિગેરે કરશે. કંકોત્રી દાતા પટેલ પોપટભાઈ મેલાભાઈ, કુંવાસીઓને તાંબાના લોટા અર્પણ કરશે. પટેલ મધુબેન શંકરભાઈ ભૂદેવોને દક્ષિણા વિધિ કરશે. જશુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ આ યજ્ઞમાં અનેકદાતાઓ દાન આપી કાર્યને સિદ્ધ બનાવવા પ્રયત્નશીલ બન્યા છે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાલ ગાંધીનગર વસવાટ કરતા દંતાલીવાળા લાલભાઈ મણીભાઈ પ્રજાપતિ પધારનાર છે. પાટલા યજમાનો લગભગ ૩૩ જેટલા છે. સમસ્ત ભાડચ્યા પરિવાર તથા ખટાંણા પરિવાર તેમજ મકાંણા પરિવારના સહયોગથી આ મંગલવિધિ મહોત્સવ ભુવાજી ખોડાભાઈ ખુમાભાઈ દેસાઈની હાજરીમાં ઉજવાશે. લીલાભાઈ દેસાઈનો સહયોગ સાંપડી રહ્યો છે.

આંગણવાડી કાર્યકર અને હેલ્પરની બદલીના ઠરાવ અંગે પુનઃ વિચારી આંગણવાડી કાર્યકર બહેનોની બદલી કરવા ઉગ્ર માંગ

ડીસા, તા. ૬

આંગણવાડી કાર્યરત સવા લાખ ઉપરાંત કાર્યકર અને હેલ્પર બહેનોની રાજ્યમાં ગમે ત્યાં બદલી થઈ શકશે તેવો ઠરાવ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયબ સચિવ રાજેશ રાજ્યગુરૂની સહીથી પ્રસિદ્ધ કરવામાં આવેલ પરંતુ આજદિન સુધી આવી કાર્યકર બહેનોને આ ઠરાવનો કોઈ લાભ મળેલ ન હોઈ આ ઠરાવ અંગે પુનઃ વિચારે આવી બહેનોને ન્યાય અપાવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયબ સચિવ રાજેશ રાજ્યગુરુની સહીથી પ્રસિદ્ધ કરવામાં આવેલ પરિપત્રમાં જણાવાયું હતું કે આંગણવાડી કેન્દ્રો ખાતે ફરજ બજાવતી કાર્યકર તેમજ તેડાંગર બહેનોની પસંદગીના ધોરણે નવેમ્બર-૨૦૦૯ થી નક્કી થયેલા હતા. આ નિયમ અનુસાર એક વખત આંગણવાડી કાર્યકર કે હેલ્પર તરીકે પસંદગી થયા બાદ તેમની બદલી થઈ શકતી નહોતી.

આ નિયમોમાં થોડી છૂટછાટ સાથે બદલાવ કરવામાં આવેલો. જે અનુસાર આંગણવાડી કાર્યકર તેડાગર બહેનોની જગ્યા ખાલી હોય અથવા નવી જગ્યા મંજૂર થાય તેવી સ્થિતિમાં આવા વિસ્તારમાં રહેતી પણ અન્યત્ર ફરજ બજાવતી બદલીથી નિમણૂંક કરવામાં આવશે. આ માટે કાર્યકર કે હેલ્પર બહેન દ્વારા બદલી થઈને રહેઠાણની નજીક ફરજ માટે જવું છે તેવી માંગણી કરવી પડશે. આવી માંગણી વગર અન્યત્ર બદલી થઈ શકશે નહિ.

આ માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને મ્યુ. કમિશનરને સત્તા સોંપાઈ હતી. ગુજરાતના મુખ્યમંત્રી આ બહેનોને જશોદા બહેનોનું બિરૂદ આપે છે ત્યારે આવી બહેનો જે તે સમયે પોતાના પિયરમાં આંગણવાડી કાર્યકર તરીકે ભરતી થયેલ આવી બહેનોને મદદરૂપ બની પોતાના સસરાના ગામોમાં બદલી કરાવે તેવી બહેનોની ઉગ્ર માંગ છે. ક્યાંક આવી બહેનોને ઉમંરનો બાદ નડે છે તો ક્યાંક અભ્યાસનો જે આ બહેનોની બદલી કરવામાં આવે તો તેમની સવલતોમાં વધારો થઈ શકે તેમ છે.

હાલમાં બનાસકાંઠા જિલ્લામાં અન્ય નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે. તેવા સ્થળોએ આવી માગણી કરતી બહેનોને લાભ આપવામાં આવે તો બહેનોની સવલતોમાં વધારો થઈ શકે તેમ છે. તો આ અંગે સરકાર વિચારી પુનઃ આંગણવાડી કાર્યકર બહેનોની બદલી ઠરાવ માટે ઘટતું કરે તેવી આંગણવાડી કાર્યકર બહેનોની માંગ છે.

વડીલોને વંદન અભિનંદન

નરેન્દ્રકુમાર હરિહરભાઈ જાની
(૧૯૩૪)ફોનઃ૨૩૨૨૮૬૪૪

ગિરીશચંદ્ર ચંદુલાલ શાહ
(૧૯૪૦)ફોનઃ૨૩૨૩૭૧૧૮

મોડાસા અને શામળાજી નજીકથી ૧૦૯ પુશઓ બચાવાયા : છ પકડાયા

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીકથી ૫૮ અને મોડાસા નજીકથી ૫૧ કુલ મળી બે ટ્રકમાંથી ૧૦૯ પશુઓ સાથે ૬ જણાને પકડી પાડ્યા હતા આ અંગે શામળાજી અને મોડાસા ગ્રામ્ય પોલીસમથકે નોંધાઈ છે.

વિગત મુજબ અખિલ ભારતીય ગૌસંવર્ધન ટ્રસ્ટના રાષ્ટ્રીય ઉપપ્રમુખ સોંકાભાઈ દેસાઈએ જણાવેલ કે બાતમી આધારે મંગળવારના રોજ શામળાજી પોલીસને સાથે રાખીને રતનપુર ચેકપોસ્ટ નજીકથી સવારે ૬ વાગે ટ્રક નંબર એમપી-૦૯-એચપી-૩૬૭૪માંથી ૫૮ વાંછરડા સાથે મધ્યપ્રદેશના ઈરફાન ઉમર ન્યારગા, સાકીર યાસીન સુખાડીયા અને ફરિયાદ ફારૂક ન્યારગાને પકડી પાડીને ૧૨ લાખનો મુદ્દામાલ કબજે લઈ વાછરડા ઈડર પાંજરાપોળમાં મોકલી આપેલ હતા અને શામળાજી પોલીસમથકે ફરિયાદ નોંધાયેલ બીજી તરફ મોડાસાના સબલપુર નજીકથી ટ્રક નંબર આરજે-૧૯-જીએ-૩૩૪૯ને પકડી તેમાંથી ૫૧ પશુઓ સાથે મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના જીઓરા તાલુકાના સાગરપેસાનો સફીઉલ્લાખન રપીઉલ્લાખન પઠાણ, બડવાણી જિલ્લાના રાજપુર તાલુકાના નાગલવાડીના અમુલખાન રસીદખાન પઠાણને પકડી પાડીને ૧૫ લાખનો મુદ્દામાલ કબજે લઈને ૫૧ પશુઓ ઈડર પાંજરાપોળમાં મોકલી આપેલ હતા અને આ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસમથકે પરિયાદ નોંધાયેલ છે.

નવા પાસે રોડ વચ્ચે આખલો આવતા પટકાયેલ બાઈક ચાલકનું મોત

ડીસા, તા. ૬

ડીસા તાલુકાના નવા પાસે પસાર થઈ રહેલા બાઈક આગળ આખલો આવી જતા સર્જાયેલ અકસ્માતમાં ખરડોસણના એક યુવાનનું મોત થયું હતું. પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના ખરડોસણ ગામનો રબારી કમસીભાઈ દાનાભાઈ ઉં.વ.૪૫ ગતરોજ નવાથી પોતાના બાઈક પર ખરડોસણ તરફ આવી રહ્યો હતો ત્યારે નવા અંબાજી મંદિરથી આગળ સામે આવી રહેલ આખલાએ કમસીભાઈ રબારીને શીંગડુ મારતા બાઈક સાથે રોડ પર પટકાયા હતા તેમને માથાના ભાગે ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતા ૧૦૮ દ્વારા ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર દમ્યાન કરૂણ મોત નિપજતાં તેની લાશને પી.એમ. કર્યા બાદ વાલીવારસોનેસુપ્રત કરવામાંઆવીહતી. આ બાબતે પોલીસેઅકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિસ્મય શાહની જામીન માટે અરજી પર આઠમીએ નિર્ણય

અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં વકીલોની દલિલો પૂર્ણ

અમદાવાદ, તા.૬

શહેરના ખૂબ જ ચકચારીભર્યા બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસમાં સંડોવાયેલા આરોપી વિસ્મય શાહની જામીન અરજીનો ચુકાદો આઠમી માર્ચે આવશે. આજ રોજ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં બંને વકીલોની દલિલો પૂર્ણ થઈ ગઈ છે. અને જામીન અરજીનો ચૂકાદો કોર્ટ આઠમી માર્ચ સુધી મુલતવી રાખ્યો છે. શહેરના પોશ વિસ્તાર જજીસ બંગલા રોડ પર પુરપાટ ઝડપે બીએમડબલ્યુ કાર ચાલક વિસ્મય શાહે બાઈક પર સવાર બે યુવાનોને ટક્કર મારી હતી જેમાં બંને યુવાનોના મોટ નિપજ્યા હતા. આરોપી વિસ્મય શાહ ત્યારબાદ સરેન્ડર થઈ જતા તેને કોર્ટ રિમાન્ડ બાદ જેલ હવાલે કર્યો હતો. આરોપી વિસ્મયે તેના વકીલ મારફતે નામદાર કોર્ટમાં જામીન અંગે અરજી કરી હતી જેમાં આજરોજ કોર્ટમાં બંને પક્ષોના વકીલોની દલિલો પૂર્ણ થઈ ગઈ છે. વિસ્મયના વકીલે બીઆર રાજુએ જમાવ્યું હતુ કે આરોપીનું કૃત્ય આઈપીસી ૩૦૪(એ) પાર્ટ -૧ મુજબનું છે. આ અપરાધમાં તેનો ખૂનનો કોઈ ઈરાદો જણાતો નથી. તેમજ આ ગુનો જામીનપાત્ર હોઈ તેને જામીન મળવા જોઈએ. કોર્ટે બંને વકીલોની દલીલો સાંભળી વિસ્મય શાહની જામીન અરજીનો ચુકાદો આઠમી માર્ચે રાખ્યો છે.

ઈશરત કેસ : સિંઘલ અને જેજે પરમાર જેલ હવાલે

અમદાવાદ, તા.૬

રાજ્યમાં ચકચાર જગાવનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંડોવાયેલા મહત્વના આરોપી જીએલ સિંઘલ અને જેજે પરમારના પાંચ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા તેઓને સીબીઆઈ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સીબીઆઈએ બંને આરોપીઓના વધુ રિમાન્ડ ન માંગતા કોર્ટ બંને આરોપીઓને જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો હતો.

ઈશરત જહાં કેસ હાલમાં ફરી એકવાર રાજકીય ગરમી જગાવે તેવી વકી છે. જુન ૨૦૦૪માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા આર આતંકવાદી આવી રહ્યા હોવાની બાતમીનો આધાર લઈ શહેરના નોબલનગર સ્થિત કોતરપુર વોટરવર્કસ નજીક ઈન્ડીકા કારમાં સવાર ચાર શખ્સોને ક્રાઈમબ્રાંચ અને એટીઓની ટીમે એન્કાઉન્ટરમાં ઠાર કર્યા હતા. એન્કાઉન્ટર મામલે દેશભરમાં હોબાળો રહ્યા બાદ સુપ્રીમ કોર્ટે એન્કાઉન્ટરની તપાસ કરવા એસઆઈટીની રચના કરી હતી. જેમાં એસઆઈટીએ એન્કાઉન્ટર નકલી હોવાનો રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ત્યારબાદ કેસની સંપૂર્ણ તપાસ સીબીઆઈને સોંપી હતી. સીબીઆઈએ શરૂઆતમાં સિંઘલ અને પરમારની ધરપકડ કરી રિમાન્ડ માંગ્યા હતા. પરંતુ કોર્ટે તેમના રિમાન્ડની અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ રિમાન્ડ અર્થે રિવિઝનલ અરજી કરી ફરિથી રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. જેમાં કોર્ટે બંને આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ એન્કાઉન્ટર જીએલ સિંઘલના ઈશારે થયું હોવાનું ચર્ચાય છે. આ ઉપરાંત જેજે પરમારે ઈન્ડિકા કારમાં હથિયારો પ્લાન્ટ કર્યા હોવાનો આરોપ છે.

શબ્દાવલી - ૪૯૯૯



આડી ચાવી

૧. સારા ખોટા કામો (૪)
૩. બ્રહ્મા (૨)
૫. જિંદગી... હૈ, આજ ભી... હૈ (૪)
૬. આયોજન (૩)
૮. લાંબુ (૨)
૯. રોક, થોભ (૨)
૧૦. નજરની આગળ બાજુ દેખાય તે (૨)
૧૧. બેસવાની ગાદલી (૩)
૧૪. પૃથ્વી તેની ... પર ગોળ ફરે છે (૨)
૧૫. ઘા રૂજાય તે... આપવી કહેવાય (૨)
૧૭. જતું કરવું,... કરવો (૨)
૧૯. મંગળ, બુધ, રાહુ વગેરે... છે (૨)
૨૦. દાનત (૩)
૨૧. સંપ, સમાધાન (૩)

ઊભી ચાવી

૧. કાલાવાલા (૪)
૨. ખેતરમાં ચાલવાનો રસ્તો (૩)
૩. પુષ્કળ, અપાર (૩)
૪. જીદ (૨)
૫. બક્ષિસ, પારિતોષિક (૩)
૭. દાદર વગેરેની પ્રખ્યાત દવા (૪)
૧૨. સત્યનો આગ્રહ (૪)
૧૩. 'ગહન' શબ્દ આડોઅવળો (૩)
૧૪. રક્ત વાહિની (૩)
૧૬. જડ જેવો (૩)
૧૮. જાતિ (૨)

શબ્દાવલી ૪૯૯૮ના જવાબ

આડી ચાવી :- (૧) પહેરવેશ (૪) અલી (૫) રીત (૬) મર્જી (૭) આભૂષણ (૯) દાપા (૧૦) કાસકો (૧૨) નયન (૧૪) ચરસ (૧૫) વિદારક (૧૬) નાત (૧૮) વિમાન (૧૯) ચપટીક

ઊભી ચાવી :- (૧) પરિવર્તન (૨) હેત (૩) વેશભૂષા (૪) અર્જી (૬) મણકા (૭) આદાનપ્રદાન (૮) ટેકો (૧૧) સનસનાટી (૧૩) કચકચ (૧૫) વિમા (૧૭) તક

સ્વચ્છતાના પાઠ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેલ્થ, મહાનગરપાલિકાએ આપી હતી અને તમામ વિદ્યાર્થીઓને હાથ ધોવાની સાચી રીત વિશે સમજણ આપી અને તેનું ડેમોસ્ટ્રેશન પણ કરીને બતાવ્યું હતું.

ડેન્ગ્યુ તાવ અને મેલેરીયા તાવની જાણકારી જિલ્લા મેલેરીયા અધિકારીશ્રી મમતાબેન દત્તાણી દ્વારા આપવામાં આવી હતી. મેલેરીયાના મચ્છર અને ડેન્ગ્યુના મચ્છર વચ્ચે શું તફાવત છે અને તેને કેવી રીતે ઓળખી શકાય, તે કેવી જગ્યાએ પોતાના ઈંડા મુકે અને તેનો વિકાસ કેવી રીતે થાય છે તેની માહિતી આપવામાં આવી હતી. મેલેરીયા અને ડેન્યુથી બચવા શું શું કરવું જોઈએ તેની પણ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત મચ્છરના ઉત્પત્તિ સ્થાનોની જાણકારી આપતી વિડિયો ક્લીપ 'એ ભાઈ' પણ તમામ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી દેસાઈ સાહેબે કમિશનરશ્રી, તથા એમ.ઓ.એચ. અને મેલેરીયા અધિકારીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ઉદ્યોગ કમિશનરની કચેરી
બ્લોક નં.૧ અને ૨, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૫૬૩ ● ઈ-મેઈલ : icedp@gujarat.gov.in

ઉદ્યોગ કમિશનરની કચેરીમાં સ્થાપિત કરવામાં આવેલ કોમ્પ્યુટર અને તેને આનુષંગિક હાર્ડવેરનો વાર્ષિક જાળવણી કરાર ગુજરાત સરકારશ્રીની DST-ની પ્રવર્તમાન માર્ગદર્શિક મુજબ કરવાના થાય છે. આથી રસ ધરાવતી એજન્સીએ આંકડા શાખા, ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧ અને ૨, ત્રીજો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં નિયત ટેન્ડર ફી ચલણથી જમા કરાવીને ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી મેળવી લેવાના રહેશે. જેને ભરીને પરત કરવાની છેલ્લી તારીખ : ૨૮/૩/૧૩ બપોરે ૧૪.૦૦ કલાક સુધીની રહેશે.
માહિતી/૨૩૭૯/૧૨-૧૩ નાયબ ઉદ્યોગ કમિશનર (આંકડા)

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

શ્રી ગોવર્ધન નાથજીની હવેલી, 'શ્રી વલ્લભધામ' સેક્ટર નં. ૨૧, ચ-રોડ, ગાંધીનગર માટે મંદિરમાં ભંડારની તેમજ અન્ય સંપૂર્ણ જવાબદારી નિભાવી શકે તેવા ગાંધીનગરમાં રહેતા અનુભવી અને સેવાભાવી વૈષ્ણવની જરૂર છે. અપેક્ષિત પગાર અને સંપૂર્ણ વિગત સાથે દિન-૧ પમાં અરજી કરવી.

જોઈએ છે

શ્રી ગોવર્ધન નાથજીની હવેલી, 'શ્રી વલ્લભધામ' સેક્ટર નં. ૨૧, ચ-રોડ, ગાંધીનગર માટે હિસાબી તથા વહીવટી કામ માટે, હિસાબી કામના સંપૂર્ણ જાણકાર તથા સંસ્થાનો વહીવટ સંભાળી શકે તેવા ગાંધીનગરમાં રહેતા અનુભવી અને સેવાભાવી વૈષ્ણવની જરૂરી છે. અપેક્ષિત પગાર અને સંપૂર્ણ વિગત સાથે દિન-૧ પમાં અરજી કરવી.

જોઈએ છે
યોગા ટીચર (M/F)

માસ્ટર કે બેચલર ડીગ્રી યોગા સાથે અથવા યોગા અને નેચરોપથીમાં ડીગ્રી હોવી જરૂરી છે. અથવા એક વર્ષનો યોગા ડિપ્લોમાં કોઈપણ માન્યતા પ્રાપ્ત યુનિ.માંથી કરેલો હોવો જોઈએ. દિન સાતમાં અરજી કરવી.
સ્વામી વિવેકાનંદ જુલ્લા યોગા વેલનેસ સેન્ટર
પ્લોટ નં. ૩૪૦, સેક્ટર-૫/એ, ગાંધીનગર